# મેવાડની તીર્થત્રયી



શ્રુતનિધિ

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

# મેવાડની તીર્થત્રયી

## દેલવાડા, કેલવાડા, અને કરહેડાનાં જિનમંદિરો

પ્રકાશક

શ્રુતનિધિ

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# મેવાડની તીર્થત્રયી

દેલવાડા, કેલવાડા, અને કરહેડાનાં જિનમંદિરો

❖

પ્રકાશન વર્ષ

વિ૰ સં૰ ૨૦૫૩ : ઈ૰ સ૰ ૧૯૯૭

નકલ : ૧૦૦૦

❖

ગ્રંથઆયોજન

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❖

પ્રકાશક

શ્રુતનિધિ
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.


# પ્રસ્તાવના

જૈન તીર્થો સંબદ્ધ પરિચય પુસ્તિકાઓની માળામાં શ્રુતનિધિ તરફથી હવે રાજસ્થાનના મેવાડ પંથકમાં રહેલ ત્રણ અલ્પજ્ઞાત તીર્થોનાં જિનમંદિરો વિશે, પ્રા૦ મધુસૂદન ઢાંકીએ તૈયાર કરેલી માહિતીપૂર્ણ પુસ્તિકા આ સાથે પ્રકટ થઈ રહી છે. પુસ્તિકામાં પ્રકાશિત થયેલાં તમામ ચિત્રો વારાણસી સ્થિત The American Institute of Indian Studies તરફથી પ્રાપ્ત થયાં છે, જેની અહીં સાભાર નોંધ લઈએ છીએ.

અમદાવાદ

ઈ૦ સ૦ ૧૯૯૭

**શ્રુતનિધિ**



# મેવાડની તીર્થત્રયી

## દેલવાડા, કેલવાડા, અને કરહેડાનાં જિનમંદિરો

રાજસ્થાનના અંગભૂત પ્રદેશ મેવાડ—પ્રાચીન મેદપાટ—ની જૂની રાજધાની આઘાટથી એક માઈલ પશ્ચિમે આવેલા વર્તમાન મુખ્ય નગર ઉદયપુરની ઉત્તરે, પ્રાય: ૧૭ માઈલ પર શૈવ તીર્થ એકલિંગજી આવેલું છે; ને ત્યાંથી ચારેક માઈલ, થોડુંક ઈશાન તરફના રસ્તે, દેલવાડા આવેલું છે. દેલવાડા નામ ધરાવતાં ચારેક જેટલાં ગામો જાણમાં છે. એક તો સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે, ઉનાથી પૂર્વોત્તરે ત્રણેક માઈલ દૂર આવેલું દેલવાડા; બીજું ઉત્તર ગુજરાતમાં ચાણસ્મા પાસેનું, પણ ઓછું જાણીતું દેલવાડા નામક ગામડું; ત્રીજું આબૂ પર્વત પરનું, આરસનાં વિશ્વવિખ્યાત મધ્યકાલીન જિનાલયો ધરાવતું સ્થાન; અને ચોથું તે આ મેવાડનું દેલવાડા, જે અલ્પજ્ઞાત જૈનતીર્થનાં મંદિરોનો અહીં પરિચય કરાવવાનો છે.

પુરાતત્ત્વ અને ઇતિહાસનાં જ્ઞાત સાધનો અનુસાર દેલવાડાના અસ્તિત્વ વિષે પ્રમાણો ૧૫મા શતકના પ્રારંભથી મળવા શરૂ થાય છે. દેલવાડાનું મૂળ નામ અભિલેખોમાં 'દેવકુલપાટક' મળે છે, જેનું સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં 'દેલઉલાપુર' જેવું અભિધાન જોવા મળે છે, જેના પરથી ક્રમશ: વર્તમાન રાજસ્થાની-ગુજરાતી નામ 'દેલવાડા' ઊતરી આવ્યું છે.

અભિલેખો તેમ જ વાઙ્મયનાં પ્રમાણો પરથી જણાય છે કે, આ નાના શહેરે ૧૫મીથી ૧૭મી શતાબ્દી સુધીના ૨૦૦ વર્ષના ગાળામાં ખૂબ જાહોજલાલી ભોગવેલી. જૈનોની પણ વસ્તી સારા પ્રમાણમાં હશે તેમ એ કાળે અહીં સારી સંખ્યામાં બંધાયેલાં જિનાલયો સંબંધમાં મળતા ઉલ્લેખો પરથી કલ્પી શકાય છે. દેલવાડા ખરતરગચ્છ તેમ જ તપાગચ્છની પ્રવૃત્તિનું મોટું કેન્દ્ર હતું. અહીંથી મળેલી ગુરુમૂર્તિઓ (તેમ જ કેટલાક જિનપ્રતિમાઓ સંબંધના લેખો) પરથી સ્પષ્ટ થાય છે કે, ખરતરગચ્છના આચાર્યો—જિનવર્ધનસૂરિ, જિનચન્દ્રસૂરિ(ચતુર્થ), જિનસાગરસૂરિ, સર્વાણંદસૂરિ આદિ—અહીં પ્રતિમા-પ્રતિષ્ઠાઓ કરાવી ગયા હતા : જિનચન્દ્રસૂરિ(પંચમ)ના શિષ્ય

રાજસુન્દરે અહીં સં૰ ૧૬૬૯/ઈ૰ સ૰ ૧૬૧૩માં ખરતરગચ્છની પટ્ટાવલી બનાવી હતી. અહીં ખરતરગચ્છને અધીન આદિનાથનું એક મંદિર સં૰ ૧૪૬૯/ઈ૰ સ૰ ૧૪૧૩, કે તેથી થોડું પૂર્વે, અને બીજું પણ એક આદિનાથનું ખરતરગચ્છની શ્રાવિકા મેલાદેવીએ સં૰ ૧૪૮૬/ઈ૰ સ૰ ૧૪૩૦માં બંધાવેલું. બીજી બાજુ તપાગચ્છના યુગપ્રધાન આચાર્ય સોમસુંદર સૂરિ પાંચેક વાર અહીં પધારી ગયેલા. જુદા જુદા સમયની તેમની મુલાકાતો દરમિયાન તેમના પ્રસિદ્ધ શિષ્યો—ભુવનસુંદર, વિશાલરાજ, જિનકીર્ત્તિ, અને રત્નશેખર—ને અહીં આચાર્યપદવી અપાયેલી; અને સં૰ ૧૪૯૭/૧૪૪૦માં મુનિસુંદર-શિષ્ય લક્ષ્મીસાગરને ગણિપદ આપવામાં આવેલું. તપાગચ્છની નિશ્રાનું પણ અહીં આદિનાથનું મંદિર હતું, જે નીંબ, વીસલ આદિ શ્રાવકો દ્વારા સં૰ ૧૪૮૫/ઈ૰ સ૰ ૧૪૨૯માં કે તેથી થોડું પૂર્વે બંધાયેલું. અહીંના આ આદિનાથના મંદિરમાં સોમસુંદર સૂરિ, (સંભવતયા) એમના શિષ્ય મુનિસુન્દર સૂરિ, રત્નશેખર સૂરિ, અને જયચન્દ્ર સૂરિએ પ્રતિષ્ઠાઓ કરાવેલી તેવી અહીંથી પ્રાપ્ત થયેલા અભિલેખો પરથી માહિતી પ્રાપ્ત થાય છે. મુનિસુન્દરસૂરિએ એમની એક વિખ્યાત કૃતિ, **શાન્તિકરસ્તોત્ર,** ની રચના અહીં કરેલી.

૧૫મી સદીના મધ્યભાગના અરસામાં સોમસુંદર સૂરિના પ્રશિષ્ય લક્ષ્મીસાગરે ઉપરકથિત આદિનાથનો મહિમા ગાતું પ્રાકૃતમાં સ્તોત્ર બનાવ્યું છે. અને તેમના શિષ્ય શુભસુન્દરે પણ પ્રસ્તુત જિનનું સ્તોત્ર રચ્યું છે. જ્યારે કોઈ અજ્ઞાત (અંચલગચ્છીય ?) કર્ત્તાએ દેવકુલપાટકના ચિંતામણિ પાર્શ્વનાથનું સંસ્કૃતમાં અતિ સુંદર સ્તોત્ર રચ્યું છે. એ જ રીતે અહીંની એક સં૰ ૧૪૯૧/ઈ૰ સ૰ ૧૪૩૫ની દાનપ્રશસ્તિના પ્રારંભમાં જે 'ધર્મચિંતામણિ-પાર્શ્વનાથ'ની ચાર મનોહર પદ્યોમાં સ્તુતિ મળે છે, તે ઉપર્યુકત મંદિર હોવું જોઈએ. (અહીં અંચલગચ્છ સંબદ્ધ એક પાર્શ્વનાથનું મંદિર અવશ્ય હતું, જેનો ઉલ્લેખ કલ્યાણસાગર સૂરિના ઈસ્વી ૧૭મા સૈકાના દ્વિતીય ચરણમાં રચાયેલા શંખેશ્વર પાર્શ્વનાથના ગુજરાતી સ્તવનમાં મળે છે.)

૧૫મી સદીના મધ્યભાગથી લઈ ૧૭મી સદી સુધીમાં અહીં યાત્રિકો પણ આવતા જતા હશે તેમ એ કાળની ચૈત્યપરિપાટીઓ, તીર્થવંદનાઓના ઉલ્લેખો પરથી જાણી શકાય છે. કવિ મેઘની **તીર્થમાળા**માં મેવાડ (અને ગોડવાડ) પંથકના તીર્થોમાં 'દેઉલવાડ'ને ગણતરીમાં લીધું છે. એમના સમકાલીન વાચનાચાર્ય કીર્તિમેરુના **સકલતીર્થમાળાસ્તવન**માં પણ 'દેઉલવાડ' ઉલ્લિખિત છે. સં૰ ૧૭૪૬/ઈ૰ સ૰ ૧૬૯૦માં તપાગચ્છીય શીલવિજયની **તીર્થમાળા**માં, તેમ જ સં૰ ૧૭૫૦/ઈ૰ સ૰ ૧૬૯૪માં સૌભાગ્યવિજયના **તીર્થમાળાસ્તવન**માં એમ એ બે કૃતિઓમાં દેલવાડામાં ઘણા (જિન)દેવો, અને એ જ રીતે રળિયામણાં ઘણાં જિનમંદિરો, હોવાનું જણાવ્યું છે.

પણ વસ્તુતયા અહીં કેટલાં જિનમન્દિરો હશે તેની માહિતી, અને તેમાંના એક મોટા મંદિર

વિષે વિગતો તો અદ્યાવધિ અપ્રકાશિત ત્રણ તીર્થમાળાઓ પરથી મળી છે. આમાંની એક છે બૃહદ્તપાગચ્છીય (રત્નાકરસૂરિ-શિષ્ય) ઉદયધર્મની રચના **તીર્થમાલાનમસ્કાર** (પ્રાય: ઈસ્વી ૧૪૫૦), જેમાં દેલવાડામાં (નાનાં મોટાં) કુલ ૨૮ જિનાલયો ગણાવ્યાં છે. જેમ કે એક વીરનું, એક ખરતરગચ્છનું, એક તપાગચ્છનું, જિનઋષભનું, પછી અંચલગચ્છનું નવફણા પાર્શ્વનાથનું, હુંબડોનું પાર્શ્વનાથનું, બે શાંતિજિનનાં મંદિરો, તદુપરાંત સમ(દા?)સાહનું ઋષભ જિનનું, સૂરાણાઓનું, શાંતિજિનનું, અને બીજાં સાત એમ મળીને શ્વેતામ્બરોનાં ૧૯ (કે સોળ ?) જિનાલયો, ત્રણ ચૈત્ય દિગમ્બરોના, (ટેકરીઓ ?) ઉપર આઠ દેરીઓ (જેમાં શત્રુંજય, ગિરનારની કુલિકાઓ આવી જાય છે,) અને એ બધાંનાં મળી 'દશસાડત્રીસ' (૩૭૦ ?) જિનબિંબો ગણાવ્યાં છે.

જ્યારે અન્ય અજ્ઞાત કર્તૃક **ચૈત્યપરિપાટી**માં દેલવાડામાં વીરજિન, આદિજિન, ડાબી જમણી બાજુએ પાર્શ્વનાથ અને અજિતજિન, બાવન જિનાલયો, પાર વગરનાં બીજાં બિંબો, શત્રુંજય ગિરનારની ટેકરીઓ પર સ્તમ્ભનપુરાવતાર (પાર્શ્વ), અને ગજ ઉપર બેઠેલા સુઝ(મરુ ?)દેવી, બીજાં દેરાંઓમાં આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, સમલિકાવિહાર (પટ્ટ ?), પાંચ પાંડવ, કલ્યાણત્રય, અષ્ટાપદ, સ્થાને સ્થાને (સ્તમ્ભાદિ પર) પૂતળીઓ, નમિવિનમિની પ્રતિમા, જંબૂવૃક્ષવિહાર, ગુર્વાવલી(ગુરુમૂર્તિઓ)માં ગણધર (ગચ્છપતિ) જિનદત્તસૂરિ, સંભવનાથ, અજિતનાથ, વાસુપૂજ્ય (એ બધાં બિંબાદિ યુકત ?), અને માનતુંગનો અવતાર હોય તેવી મનોહર ખરતરવસહી. તે પછી 'ધાત'માં શાંતિ, આદિનાથના કુલ ચાર પ્રાસાદો, પાર્શ્વનાથનાં બે મોટાં મંદિરો, ઉપરાંત નેમિ, વાસુપૂજ્ય, અને નવફણ પાર્શ્વનો ઉલ્લેખ કર્યો છે. અજ્ઞાત કર્ત્તાની, ૧૫મા શતકના ત્રીજા ચરણમાં બની હશે તેવી એક ત્રીજી **તીર્થચૈત્ય પરિપાટી** અંતર્ગત પણ દેલવાડાનાં જિનાલયોનું વર્ણન અપાયેલું છે. તદનુસાર ત્યાં વીર જિન, નવફણનાયક પાર્શ્વ જિન, પછી ખરતરવસહી જેમાં (મૂલનાયક) આદિજિનેશ્વર, કલ્યાણત્રયી, બાવન જિનાલય, અને અષ્ટાપદની રચના છે, ત્યાર બાદ ૧૬મા જિન (શાંતિનાથ), અને બધાં મળીને ૧૬૮૧ જિનબિંબોનો ઉલ્લેખ છે.

આજે તો આમાંથી કેવળ ત્રણ બાવન જિનાલયો જ શેષ રહ્યાં છે. અહીંની બે ટેકરીઓ પર શત્રુંજય અને ગિરનારના અવતારરૂપે દેરીઓ બંધાઈ હશે, જેમાં શત્રુંજયાવતારની દેરી 'પૂર્વાચલ'—પૂર્વ બાજુની ટેકરી ઉપર—હશે, જેની પ્રતિષ્ઠા સં૰ ૧૪૯૧/ઈ૰ સ૰ ૧૪૩૫માં મોરનાગકુલિકા સાથે ખરતરગચ્છના જિનસાગર સૂરિએ કરેલી. બાકીનાં મંદિરો નષ્ટ થયાં છે. તેમાં કેટલાંક તો બહુ જ નાનાં હશે. સં૰ ૧૯૨૧/ઈ૰ સ૰ ૧૮૬૫માં ૭૨ પ્રતિમાઓ, અને સં૰ ૧૯૫૪/ઈ૰ સ૰ ૧૮૯૮માં ૧૨૪ પ્રતિમાઓ જમીનમાંથી નીકળેલી, જે પછીથી સં૰ ૧૯૬૨/ઈ૰ સ૰ ૧૯૦૬માં અહીંના અસ્તિત્વમાન મંદિરોમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી; પણ કઈ મૂર્તિઓ મૂળે

કયા મંદિરમાં હશે તેનો નિર્ણય થવો આમ તો મુશ્કેલ છે. (છતાં સામાન્ય રીતે જેના પર ખરતરગચ્છના આચાર્યોના પ્રતિષ્ઠા સંબંધી લેખો છે તેવી જિનમૂર્તિઓ, ગુરુમૂર્તિઓ, પટ્ટો આદિ અસલમાં ખરતરવસહીમાં, અને તપાગચ્છના આચાર્યોના લેખોવાળી મૂર્તિઓ, પટ્ટો, દેવકુલિકાઓ આદિ તપાગચ્છીય ઋષભદેવના મંદિરમાં હશે; જ્યારે જે થોડીક અન્ય ગચ્છોના આચાર્યોના લેખો ધરાવતી પ્રતિમાઓ છે તે આ બે મંદિરોમાં કે પછી બીજાં જ જિનાલયોમાં સ્થપાયેલી હશે.)

જે મંદિરો વર્તમાને અસ્તિત્વમાં છે તેમાં સૌથી વિસ્તૃત, અલંકૃત, અને સરસ મંદિર છે તે આજે પાર્શ્વનાથના મંદિરરૂપે ઓળખાય છે. તીર્થપરિપાટીઓના વર્ણન પ્રમાણે તે મૂળની આદિનાથ મૂલનાયક-યુક્ત 'ખરતરવસહી' હોવાનો સંભવ છે. મંદિર લુખ્ખા ધોળા આરસ જેવા પથ્થરનું બનેલું છે અને પશ્ચિમાભિમુખ છે. તેમાં મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, નવચોકી, રંગમંડપ, તેમ જ ચોતરફ પટ્ટશાલા સમેતનાં બાવન જિનાલયો છે, અને એ દેવકુલિકાઓની હારોમાં ઉત્તર, પૂર્વ, તથા દક્ષિણ દિશાઓમાં ભદ્રપ્રાસાદોનો સમાવેશ છે.

પ્રવેશદ્વાર પશ્ચિમ દિશાની પટ્ટશાલામાં પડે છે. ત્યાંના સ્તમ્ભો ભદ્રક જાતિના તેમ જ ઉપરના ભાગે કોરણીવાળા છે (ચિત્ર ૧). પટ્ટશાલામાંથી રંગમંડપનું હૃદયંગમ દર્શન થાય છે (ચિત્ર ૨). ઘડીભર તો એવો ભ્રમ થઈ જાય કે જાણે આબૂ-દેલવાડા કે આરાસણ-કુમ્ભારિયાનાં મંદિરોમાં ઊભાં હોય ! રંગમંડપના સ્તમ્ભો મોઢેરા, આબૂ-દેલવાડા આદિની જાતિના, ભાતીગળ બન્ધોનાં કોતરકામથી શોભિતા કર્યા છે (ચિત્ર ૩). ભદ્રોના સ્તમ્ભોની જોડી પરનાં બધાં જ તોરણો નષ્ટ થઈ ગયાં છે; અને રંગમંડપની છત સ્તમ્ભોને મુકાબલે ઓછી સુશોભિત, અને અમુકાંશે કજોડાં જેવી ભાસતી હોઈ અહીં રજૂ કરી નથી. મંડપના પ્રત્યેક થાંભલાઓમાં ઠેકી નીચેના શરાં ઉપર ભદ્રના અંતરભાગ તરફ અભિમુખ મુનિમૂર્તિઓ મૂકેલી હતી; પણ આજે તો એક માત્ર અવશિષ્ટ રહેલી છે.

નવચોકીના સ્તમ્ભો પણ રંગમંડપના સ્તમ્ભો સમાન ઘાટીલા, અને એવી જ રીતે કોરેલા છે. જેમ કુંભારિયા, વરકાણા, જેસલમેર (પાર્શ્વનાથ) આદિ સ્થાનો પર છે તેમ અહીં પણ નવચોકીના આગલા ચાર થાંભલાઓ રંગમંડપની છતને ટેકવે છે. નવચોકીમાં વચ્ચે ઊભીને રંગમંડપનું દેખાતું, પ્રવેશદ્વાર સુધીનું સોંસરવું દશ્ય ચિત્ર ૪માં જોઈ શકાશે. નવચોકીની નવ છતોનું કામ આમ તો શુષ્ક છે, પણ તેની ભાતો રાણકપુર, વરકાણાદિની છતોમાં છે તેનાથી જુદા પ્રકારની, અને સોલંકી-ચાહમાન-ગુહિલ યુગની ૧૨મા-૧૩મા શતકની છતોની ભાતો પરથી ઊતરી આવી છે. અહીં તેમાંથી ચિત્ર-૫ માં નાભિચ્છંદ પ્રકારની છત જોવા મળશે; ચિત્ર ૬માં સુરાંગનાઓ સહિતની નાભિચ્છંદની છતની વચ્ચે પદ્મકને સ્થાને પંચાગવીરની મૂર્તિ કરેલી છે; ચિત્ર ૭માં છતનો ઉત્ક્ષિપ્ત

પ્રકાર અને ચિત્ર ૮માં તેનો પ્રકારાન્તર બતાવેલો છે. નવચોકીમાં સુંદર સ્તમ્ભાવલી હોવા છતાં ખટકનારી વાત તો છે ભીંત સમાણા રૂપસુંદર ખત્તકોનો અભાવ (ચિત્ર ૯). ગૂઢમંડપમાં પ્રવેશતાં ત્યાં ચતુર્વિંશતિ જિનપટ્ટ, નંદીશ્વરનો પટ્ટ (સં૰ ૧૪૮૫/ઈ૰ સ૰ ૧૪૨૯) અને રાયણ પગલાં સહિત નાગમોરનો ભાવ બતાવતી પટ્ટિકા (સં૰ ૧૪૯૧/ઈ૰ સ૰ ૧૪૩૫) ગોઠવેલાં જોવા મળે છે. ગર્ભગૃહમાં પાર્શ્વનાથ સ્થાપેલાં છે, પણ તે અસલના મૂળનાયકરૂપે પ્રતિષ્ઠિત હોય તેમ લાગતું નથી. (મૂળે ત્યાં ઋષભદેવ હશે.)

મૂલપ્રાસાદ (ચિત્ર ૧૦) બહારથી કોરણીયુકત છે. પીઠ ગ્રાસપટ્ટી સુધીની જ છે. વેદીબન્ધ પર જંઘામાં દિક્પાલાદિ દેવમૂર્તિઓ, સુરસુંદરીઓ વગેરે છે. ભદ્રખત્તકો(ગોખલાઓ)માં એક કાળે જિનમૂર્તિઓ હશે. એ યુગની વાસ્તુપ્રથા મુજબ મંડોવર ઉપર મદલો વડે છજ્જાને ટેકવ્યું છે: પ્રાસાદને શિખર તો છે, પણ તેના પર ખાસ જાલક્રિયાયુકત કોતરકામ નથી. ગૂઢમંડપની જંઘાઓ પણ રૂપકામ વગરની છે.

પટ્ટશાલામાં જયાં જયાં ભદ્રપ્રાસાદોનાં સંધાનો કર્યાં છે ત્યાં ત્યાં વિશેષ વિસ્તાર અને ઊંડાણ કરી નવીનતા આણી છે. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદ સાથેના સ્તંભો પટ્ટશાલાના અન્યથા સાદા થાંભલાઓને બદલે રંગમંડપના થંભો જેવા અલંકારી કર્યા છે (ચિત્ર ૧૧). તો પૂર્વ તરફના ભદ્રપ્રાસાદમાં પ્રાસાદ-દ્વારની બન્ને બાજુ ગોખલાઓ અને ઉત્તર-દક્ષિણ કુલિકાઓની ભીંતોમાં પટ્ટાદિ લગાવેલાં છે, અને ત્યાં બન્ને બાજુ સ્પર્શતી ભમતીના ભારોટો પર મૂર્તિયુકત ઇલ્લિકાવલણો કાઢેલાં છે (ચિત્ર ૧૨). આ પૂર્વ તરફના ભદ્રપ્રાસાદની સામેનો સભામંદારક વિતાન રંગમંડપના વિતાન કરતાં વિશેષ અલંકૃત અને સપ્રમાણ છે (ચિત્ર ૧૩). તેમાં ગજતાલુઓ નીચે ૧૬ વિદ્યાધરો, પછી કોલના થરો તેમ જ વચ્ચે લમ્બન લટકાવ્યું છે. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદ સામેના ચોકમાં સમલિકાવિહાર પટ્ટ, ઇત્યાદિ ગોઠવેલાં છે.

બહારથી શિખરયુકત દેવકુલિકાઓની હારોમાં ભદ્રપ્રાસાદો પોતાની અનોખી ભાત પાડે છે. બહારથી જોતાં ત્રણે ભદ્રપ્રાસાદો એક સરખા કદ, કે એક સમાન દેખાવના નથી. ઉત્તર તરફનો ભદ્રપ્રાસાદ ત્રણેમાં સૌથી મોટો કરેલો છે (ચિત્ર ૧૪). તેની પીઠ તો ટૂંકી છે, પણ વેદીબન્ધ પર તો મેરુ જાતિનાં મોટાં મંદિરોમાં હોય તે રીતે જંઘાના બે થરો લીધા છે. જંઘાઓમાં દેવાદિ મૂર્તિઓ કંડારેલી છે. ભદ્ર ભાગે ટૂંકી જાળીવાળાં ભદ્રાવલોકનો અને તેની ઉપર ઊર્ધ્વજંઘાની મૂર્તિઓમાં વચ્ચે જાળીવાળી ગોખલી કરી છે (ચિત્ર ૧૫). પ્રાસાદને મથાળે કૂટ-ઘંટાયુકત સંવરણા બનાવેલી છે.

પૂર્વ તરફનો ભદ્રપ્રાસાદ ઉત્તરના ભદ્રપ્રાસાદ જેવો પણ કદમાં નાનો અને તેના મંડોવરમાં એક જ, અને સાદી જંઘા કરેલી છે. તેના ભદ્રમાં જાળી ભરેલી છે (ચિત્ર ૧૬); જ્યારે દક્ષિણ તરફનો ભદ્રપ્રાસાદ શિખરયુક્ત છે (ચિત્ર ૧૭). એમ જણાય છે કે ચૈત્યપરિપાટીકારે કહેલ 'અષ્ટાપદ'ની રચના ઉત્તર તરફના ભદ્રપ્રાસાદમાં, 'કલ્યાણત્રય'ની આકૃતિ દક્ષિણવાળા ભદ્રપ્રાસાદમાં, અને કદાચ જંબૂવૃક્ષની રચના પૂર્વ તરફના ભદ્રપ્રાસાદમાં હોય. સમગ્ર મંદિર ઈ૰ સ૰ ૧૪૧૩ કે તેથી થોડું પૂર્વથી લઈ ઈ૰ સ૰ ૧૪૩૦-૩૫ના અરસામાં પૂર્ણ થઈ ચૂક્યું હશે.

હવે બીજા, વર્તમાને આદિનાથના મંદિર તરીકે ઓળખાતા મંદિર તરફ વળીએ. આ મંદિર પણ છે તો બાવન જિનાલય પણ તેના બધા સ્તમ્ભો અલ્પ કોરણીવાળા અને મિશ્રક જાતિના છે. રંગમંડપની ઉત્તર-દક્ષિણે વલાનકો કરેલાં છે. રંગમંડપમાં 'સભામાર્ગ' પ્રકારની છત છે અને વલાનકોમાં પણ એ જ પ્રકાર છે. પણ વલાનકોની છત કંઈક વધારે ઠીક લાગે છે (ચિત્ર ૧૮). નવચોકી (ચિત્ર ૧૯)માં પણ સાદા મિશ્રક સ્તમ્ભો છે. મૂલપ્રાસાદ તેમ જ ગૂઢમંડપ ઘાટવાળા હોવા છતાં સાદા જ રાખ્યા છે. દેવકુલિકાઓની પણ એ જ સ્થિતિ છે. શું આ તપાગચ્છવાળાઓનું મંદિર હશે ? આ મંદિરના ગૂઢમંડપમાં વચ્ચે પીઠ પર ચોમુખ પ્રતિમા ગોઠવેલી છે. જ્યારે ત્યાં અને અન્યત્ર એક ઓરડામાં વીસવિહરમાન, શત્રુંજય-ગિરનાર, ૭૨ જિન, ૯૬ જિન આદિના પટ્ટો રાખેલા છે.

ત્રીજું ઋષભદેવનું મંદિર પણ બાવન જિનાલયયુક્ત છે. તેના સ્તમ્ભો ખરતરવસહીના સ્તમ્ભો જેવા કારીગરીવાળા છે (ચિત્ર ૨૦). મૂળ મંદિર સારું ઘાટવાળું છે, પણ રૂપકામ કરેલું નથી (ચિત્ર ૨૧).

દેલવાડાની શાંતિનાથની સં૰ ૧૪૯૪/ઈ૰ સ૰ ૧૪૩૮ના લેખવાળી મોટી મૂર્તિ પછીથી નાગદાના મંદિરમાં મૂળનાયક રૂપે સ્થાપેલી છે.

દેલવાડા તીર્થ અલ્પજ્ઞાત છે, તો એ જ પંથકમાં આવેલું એ જ કાળનું કેલવાડા તીર્થ તો તદ્દન ઉપેક્ષિત રહી ગયું છે. અનેક ઉપલબ્ધ પરિપાટીઓમાંથી માત્ર ત્રણેક જ પરિપાટીઓમાં (જેમાં બે તો અપ્રકાશિત છે) એનો 'કયલવાડ' નામે ઉલ્લેખ મળે છે. શ્વેતામ્બર જૈન તીર્થ સંબંધનાં પુસ્તકોમાં, પુરણચંદ નહાર, મુનિ જયન્તવિજયજી, આદિના અભિલેખ સંગ્રહ સમ્બદ્ધ ગ્રન્થોમાં પણ તેનો સમાવેશ નથી. પણ કેલવાડામાં, અગાઉ કહી ગયા તે બૃહદ્દતપાગચ્છીય ઉદયધર્મની **તીર્થમાલાનમસ્કાર**માં, પાંચ મંદિરોનો ઉલ્લેખ થયો છે : પૂર્વના નેમિનાથ, કરહેડાપાર્શ્વનાથ, નાણાવાલગચ્છના વર્ધમાન જિન, અંચલગચ્છના ઋષભ, અને તપગચ્છના

શાંતિનાથ. પરંતુ વર્તમાને તો ધ્યાન ખેંચે તેવું એક જ મંદિર જોવા મળે છે. અને તેમાં તો આજે અભિનંદન જિન મૂળનાયક રૂપે બિરાજે છે. શૈલીની દૃષ્ટિએ મંદિર ૧૫મા શતકનું છે; પણ તેના નિર્માતા સંબંધનો ઇતિહાસ અંધકારાવૃત છે. તેમાં જે થોડાઘણા અભિલેખો ધરાવતી મૂર્તિઓ, પટ્ટાદિ છે તે પ્રકાશિત થયાં નથી.

પૂર્વાભિમુખ મંદિર ઊંચી જગતી પર માંડેલું છે. ઉપર જવા માટે પગથિયાંવાળી નાળ છે, જેના પર સાદા થાંભલાવાળું વલાનક છે. વલાનકને જોડતી બંને બાજુ થોડીક અને રંગમંડપ પૂરતી જ ફરતી રહેતી પટ્ટશાલાયુક્ત, સાદા થાંભલાઓવાળી દેવકુલિકાઓ છે, પણ તેનો હિસાબ ૨૪નો થતો નથી. હકીકતમાં બાવન જિનાલય કરવા ધારેલું આ મંદિર અપૂર્ણ રહ્યું છે. મંદિરમાં મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, અને રંગમંડપ એ મુખ્ય અંગો છે (ચિત્ર ૨૨, ૨૩).

મંદિરના મૂલપ્રાસાદની કારીગરી એ કાળે થતી કંડારક્રિયાથી વધારે ઊંચી કોટીની છે (ચિત્ર ૨૪). તળચ્છન્દમાં કર્ણ (મૂળ ખૂણો) અને પ્રતિરથો (પઢરાઓ) વચ્ચારે નંદિકાઓ કાઢી હોવાથી ઉદયમાં પ્રકાશ-છાયાની સ્પંદલીલા સર્જાઈ રહે છે. પીઠ પર વેદીબન્ધ પછી જંઘામાં કેટલીક કમનીય મૂર્તિઓ (ચિત્ર ૨૫, ૨૬), અને ઉપર જતાં ભરણી પર છજ્જાને ટેકવતા મદલો, અને પછી (ધોળી નાખીને બગાડેલું) શિખર આવે છે. ગૂઢમંડપ પણ એવી જ રીતે શણગારેલો છે. રંગમંડપના સ્તમ્ભોમાં ઉત્તર-દક્ષિણ તરફના ભદ્રભાગમાં પડતી જોડીઓની જંઘાઓમાં રાણકપુર (ધરણવિહાર) અને વરકાણાના મંદિરની જેમ ઊભી વેલો કંડારી છે (ચિત્ર ૨૭, ૨૮). છતમાં ખાસ કંઈ જોવા જેવું નથી.

પણ નવચોકીની શોભા તો એ યુગના પશ્ચિમ ભારતનાં તમામ મંદિરોનાં સમાન્તર દૃષ્ટાન્તોને મહાત કરી જાય તેવી છે (ચિત્ર ૨૯). તેના પડખાના સ્તમ્ભો તો સાદા મિશ્રક છે, પણ વચ્ચેના સ્તમ્ભો સુંદર રીતે અને નખશીખ કંડારેલા છે (ચિત્ર ૩૦). તેમાં મોવાડના બે અષ્ટકોણ સ્તમ્ભોમાં જંઘા પર ઉપરાઉપરી ખંડનાં સ્તરો લઈ અવનવો પ્રકાર સર્જી દીધો છે. (એના પૂર્વજ જોવા હોય તો તે આબૂના તેજપાળના મંદિરના રંગમંડપમાં છે.) પાછળના કંડારપ્રચુર સ્તમ્ભોની ત્રણ જોડીઓ દેલવાડાના ખરતરવસહીમાં છે તેવી છે. ખત્તકો સાધારણ છે, પણ સ્તમ્ભો દ્વારા ટેકવાતી ઉપરની છતો ભાતોની દૃષ્ટિએ સારી કહી શકાય. ચિત્ર ૩૧માં લંબચોરસ ઉત્ક્ષિપ્ત પ્રકારની છત બતાવી છે : તેમાં ભારોટના તન્ત્રક પર ૧૪ સ્વપ્નાદિ ભાવ કોતરેલા છે. બીજી લંબચોરસ છત(ચિત્ર ૩૨)માં વચ્ચે પતંગ આકારે ચોરસો ઉતાર્યો છે અને તેમાં નાભિછન્દની લમ્બિત છત કરી છે. ચોરસાને છેડે કિન્નરોની જોડીઓ બતાવી છે. ત્રીજી ચોરસ છતમાં વચ્ચે ચોરસાકૃતિ લમ્બન કર્યું છે (ચિત્ર ૩૩).

ગૂઢમંડપમાં ગિરનાર અને શત્રુંજય તીર્થના પટ્ટો છે. (જેના લેખો વંચાયા નથી; પણ તે ઈસ્વી ૧૫મી સદી મધ્યભાગના હોવા જોઈએ.)

મેવાડમાં કેલવાડા જેટલું ઉપેક્ષિત નહીં તોયે ઓછું વિખ્યાત ત્રીજું તીર્થ છે કરેડા, કરહેડા, મધ્યકાલીન કરહેટક. કરહેડા પાર્શ્વનાથની મધ્યકાળમાં પ્રસિદ્ધિ હતી. એ ચિતોડ અને ઉદયપુર વચ્ચેના માર્ગ પર આવેલું છે. મંદિરની પ્રતિષ્ઠા દશમી સદીમાં, પ્રાયઃ ઈસ્વી ૯૭૦-૭૫ના અરસામાં, સંડેર ગચ્છના કથાપ્રસિદ્ધ, માંત્રિક, ચૈત્યવાસી આચાર્ય યશોભદ્ર દ્વારા થયેલી. એક ભારોટ પર એમના શિષ્ય શ્યામાચાર્યનો સં૦ ૧૦૩૯/ઈ૦ સ૦ ૯૮૩નો ત્રુટિત અભિલેખ છે; પરંતુ અસ્તિત્વમાન મંદિર યશોભદ્રસૂરિના કાળનું ન હોતાં તેમાં જુદા જુદા કાળના ભાગો જોવા મળે છે. યશોભદ્રસૂરિના કાળની તો એક પ્રતિહારની દ્વિભંગમાં સ્થિત મૂર્તિ, જે ગર્ભગૃહની દ્વાર શાખા પાસે ડાબી બાજુ ભીંતમાં ચોડેલી છે તે, અને એક ઘસાઈ ગયેલી રૂપક સાથેની છત છે. બાકી આરસ જડેલું ચોરસ ગર્ભગૃહ નવે કટે છે; અને તેને આગળના ભાગમાં ગૂઢમંડપ જેવું નથી: તેમ જ તેને ફરતી ખાસ દેરીઓ પણ નથી. મંદિરમાં માડયુકત પ્રવેશમંડપ દ્વારા દાખલ થવાય છે. આ પ્રવેશમંડપ ફરીથી બંધાયો લાગે છે. તેમાં ૧૫મી શતાબ્દીના પૂર્વાર્ધમાં થતા તેવા મોઢેરા શૈલીના બે સ્તમ્ભો (ચિત્ર ૩૪, ૩૫), ખંડોવાળા બે ભદ્રક સ્તમ્ભો (ચિત્ર ૩૬) અને બાકીના ઓછી કારીગરીવાળા ભદ્રક સ્તમ્ભો છે (ચિત્ર ૩૭). અંદર પ્રવેશ કરતાં એક પછી એક એમ બે અને બબ્બે મજલાવાળા એકસરખા ઘાટીલા મેઘનાદ મંડપો આવે છે. એના સ્તમ્ભો ઘાટવાળા તો છે પણ ખાસ શોભનક્રિયા વગરના છે (ચિત્ર ૩૮). પણ પાટડાઓ પર હંસપટ્ટી, રત્નપટ્ટ, વલ્લી આદિની શોભા કરી છે. બન્ને મંડપોમાં સભામંદારક જાતિનો સામાન્ય પ્રકારનો કરોટક-વિતાન કરેલો છે.

દેવકુલિકાની હરોળમાં ભદ્રપ્રાસાદો છે; પણ તે જીર્ણોદ્ધાર પામી ગયેલા છે. એકના શિખરમાં તેરમા શતકના ઉત્તરાર્ધમાં થતી તેવી સૂક્ષ્મ જાલક્રિયા જોવામાં આવે છે (ચિત્ર ૩૯). (જીર્ણોદ્ધૃત દેવકુલિકાઓમાં પણ કયાંક કયાંક એવું જૂનું કામ રહી ગયું છે.) આ મંદિરનો માલવમંત્રી પૃથ્વીધર—પેથડસાહે—ઈસ્વી ૧૨૬૪ પહેલાં ઉદ્ધાર કરાવ્યાની નોંધ છે. તેમના સમયમાં બનેલા ભદ્રપ્રાસાદો અને દેરીઓ ૧૫મી સદી (અને વર્તમાન કાળના) પુનરુદ્ધારમાં થોડે ઘણે અંશે બચી ગયાં હોય.

ઉત્તર-મધ્યકાળમાં મેવાડ તરફની યાત્રા કરનારાઓ પોતાની રચનાઓમાં આ તીર્થનો ઉલ્લેખ કરતા આવ્યા છે. કરહેડા પાર્શ્વનાથનો એક કાળે સારો મહિમા રહ્યો હશે તેમ તીર્થનાયકને સંબોધીને રચાયેલાં ત્રણેક સ્તોત્રો—એક મોટે ભાગે ૧૩મા શતકનું અને બીજું ખરતરગચ્છીય કીર્તિરત્ન સૂરિનું મનાતું ૧૫મા શતકના મધ્ય ભાગનું સ્તોત્ર અને ત્રીજું અજ્ઞાત કર્ત્તાનું (પણ ઉત્તરમધ્યકાલીન)—ઉપરથી માની શકાય.

## ચિત્રસૂચિ :


૧. દેલવાડા. ખરતરવસહી, પ્રવેશ તરફની પટ્ટશાલાનું આંતરિક દર્શન. (પ્રાય: ઈ૦ સ૦ ૧૪૧૩).

૨. ખરતવસહી. પટ્ટશાલામાંથી થતું નવચોકી સમેત રંગમંડપનું દર્શન.

૩. રંગમંડપના કોરણીયુકત સ્તંમ્ભો.

૪. નવચોકીમાંથી થતું રંગમંડપનું દર્શન.

૫. નવચોકીની એક નાભિચ્છન્દ પ્રકારની છત.

૬. નવચોકીની પંચાગવીરના લમ્બન સાથેની, નાભિચ્છન્દ પ્રકારનો પૂતળીઓ સાથેનો વિતાન.

૭. નવચોકીની ઉત્ક્ષિપ્ત જાતિની છત.

૮. નવચોકીની ઉત્ક્ષિપ્ત જાતિની છતનો બીજો પ્રકાર.

૯. નવચોકીનું આંતર-દર્શન.

૧૦. મૂલપ્રાસાદનું દર્શન.

૧૧. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદની સામેની વિસ્તૃત પટ્ટશાલા.

૧૨. પૂર્વ તરફના ભદ્રપ્રાસાદોની સામેની મંડપ જેવી પટ્ટશાલા.

૧૩. પૂર્વ તરફના ભદ્રપ્રાસાદોની પટ્ટશાલાનો વિતાન.

૧૪. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદોનું બહિર્દર્શન.

૧૫. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદનું બીજી બાજુનું બહિર્દર્શન.

૧૬. પૂર્વ બાજુનો ભદ્રપ્રાસાદ.

૧૭. દક્ષિણ તરફનો શિખરયુકત ભદ્રપ્રાસાદ.

૧૮. દેલવાડા. આદિનાથનું બાવન જિનાલય, વલાનકનો સભામંદારક વિતાન. (પ્રાય: ઈ૦ સ૦ ૧૪૨૯).

૧૯. આદિનાથ જિનાલય, નવચોકીનું દશ્ય.

૨૦. દેલવાડા. ઋષભદેવ જિનાલય, રંગમંડપના સ્તંમ્ભો. (પ્રાય: ઈ૦ સ૦ ૧૪૩૦).

૨૧. ઋષભદેવ જિનાલય, મૂલપ્રાસાદનો ભાગ.

૨૨. કેલવાડા. અભિનંદનસ્વામીનું જિનાલય, મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, નવચોકી અને રંગમંડપનું બહિર્દર્શન. (પ્રાય: ઈ૦ સ૦ ૧૪૫૦).

૨૩. પ્રસ્તુત જિનાલયનું બીજું દર્શન.

૨૪. જિનાલયનો મૂલપ્રાસાદ.

૨૫. જંઘા પરનો પ્રતિમા-કંડાર.

૨૬. જંઘા પરની કમનીય મૂર્તિઓ.

૨૭. રંગમંડપના દક્ષિણ તરફના કોરણીયુક્ત સ્તમ્ભો.

૨૮. રંગમંડપના ઉત્તર તરફના સ્તમ્ભો.

૨૯. નવચોકી અને તેના મોવાડના બેનમૂન કારીગરીવાળા સ્તમ્ભો.

૩૦. નવચોકીની સ્તમ્ભાવલીનું દૃશ્ય.

૩૧. નવચોકીની ઉત્ક્ષિપ્ત પ્રકારની છત.

૩૨. બીજી, પતંગ આકૃતિમાં ઉતારેલ નાભિચ્છન્દ પ્રકારની છત.

૩૩. ત્રીજી ચોરસ છતમાં વચ્ચે ચોરસ લમ્બન.

૩૪. કરહેડા. પાર્શ્વનાથ જિનાલય, મુખમંડપ, મોઢેરા શૈલીનો સ્તમ્ભ. (પ્રાય: ઈસ્વી ૧૫ મી શતી દ્વિતીય ચરણ).

૩૫. મોઢેરા શૈલીનો બીજો સ્તમ્ભ.

૩૬. પાર્શ્વનાથ જિનાલય, મુખમંડપ, ભદ્રકસ્તમ્ભ.

૩૭. મુખમંડપ, ઓછી કારીગરીવાળો ભદ્રક સ્તમ્ભ.

૩૮. પાર્શ્વનાથ જિનાલય, મેઘનાદ મંડપ.

૩૯. પાર્શ્વનાથ જિનાલય, શિખરયુક્ત ભદ્રપ્રાસાદ. (પ્રાય: ૧૩મી સદી, ઈ૰ સ૰ ૧૨૬૪ આસપાસ).



૧. દેલવાડા. ખરતરવસહી, પ્રવેશ તરફની પટ્ટશાલાનું આંતરિક દર્શન. (પ્રાય: ઈ૰ સ૰ ૧૪૧૩).




← ૨. ખરતવસહી. પટ્ટશાલામાંથી થતું નવચોકી સમેત રંગમંડપનું દર્શન.




૩. રંગમંડપના કોરણીયુક્ત સ્તંભો.






૫. નવચોકીની એક નાભિચ્છન્દ પ્રકારની છત.


← ૪. નવચોકીમાંથી થતું રંગમંડપનું દર્શન.



૬. નવચોકીકીની પંચાગવીરના લમ્બન સાથેની, નાભિચ્છદ પ્રકારનો પૂતળીઓ સાથેનો વિતાન.




૭. નવચોકીની ઉત્ક્ષિપ્ત જાતિની છત.



૮. નવચોકીની ઉત્ક્ષિપ્ત જાતિની છતનો બીજો પ્રકાર.

૯. નવચોકીનું આંતર-દર્શન. →






૧૦. મૂલપ્રાસાદનું દર્શન.




૧૧. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદની સામેની વિસ્તૃત પટ્ટશાલા.




૧૨. પૂર્વ તરફના ભદ્રપ્રાસાદોની સામેની મંડપ જેવી પટ્ટશાલા.




૧૩. પૂર્વ તરફના ભદ્રપ્રાસાદોની પટ્ટશાલાનો વિતાન.



૧૪. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદોનું બહિર્દર્શન.




૧૫. ઉત્તર તરફના ભદ્રપ્રાસાદનું બીજી બાજુનું બહિર્દર્શન.




૧૬. પૂર્વ બાજુનો ભદ્રપ્રાસાદ.




૧૭. દક્ષિણ તરફનો શિખરયુક્ત ભદ્રપ્રાસાદ.




૧૮. દેલવાડા. આદિનાથનું બાવન જિનાલય, વલાનકનો સભામંદારક વિતાન. (પ્રાય: ઈ○ સ○ ૧૪૨૯).




૧૯. આદિનાથ જિનાલય, નવચોકીનું દશ્ય.




૨૦. દેલવાડા. ઋષભદેવ જિનાલય, રંગમંડપના સ્તંભો. (પ્રાય: ઈ૦ સ૦ ૧૪૩૦).




૨૧. ઋષભદેવ જિનાલય, મૂલપ્રાસાદનો ભાગ.



૨૨. કેલવાડા. અભિનંદનસ્વામીનું જિનાલય, મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, નવચોકી અને રંગમંડપનું બહિર્દર્શન.
(પ્રાય: ઈ૦ સ૦ ૧૪૫૦).




૨૩. પ્રસ્તુત જિનાલયનું બીજું દર્શન.



૨૪. જિનાલયનો મૂલપ્રાસાદ.

2.1351




↑

૨૫. જંઘા પરનો પ્રતિમા-કંડાર.



૨૬. જંઘા પરની કમનીય મૂર્તિઓ.



← ૨૭. રંગમંડપના દક્ષિણ તરફના કોરણીયુક્ત સ્તમ્ભો.

૨૮. રંગમંડપના ઉત્તર તરફના સ્તમ્ભો.







૨૯. નવચોકી અને તેના મોવાડના બેનમૂન કારીગરીવાળા સ્તમ્ભો.



૩૦. નવચોકીની સ્તમ્ભાવલીનું દૃશ્ય.



૩૧. નવચોકીની ઉત્ક્ષિપ્ત પ્રકારની છત.





૩૨. બીજી, પતંગ આકૃતિમાં ઉતારેલ નાભિચ્છન્દ પ્રકારની છત.




૩૩. ત્રીજી ચોરસ છતમાં વચ્ચે ચોરસ લમ્બન.

૩૪. કરહેડા. પાર્શ્વનાથ જિનાલય, મુખમંડપ, મોઢેરા શૈલીનો સ્તમ્ભ. (પ્રાય: ઈસ્વી ૧૫ મી શતી દ્વિતીય ચરણ).






૩૫. મોઢેરા શૈલીનો બીજો સ્તમ્ભ.





૩૬. પાર્શ્વનાથ જિનાલય, મુખમંડપ, ભદ્રકસ્તમ્ભ.



૩૭. મુખમંડપ, ઓછી કારીગરીવાળો ભદ્રક સ્તમ્ભ.

૩૮. પાર્શ્વનાથ જિનાલય, મેઘનાદ મંડપ. →





૩૯. પાર્શ્વનાથ જિનાલય, શિખરયુક્ત ભદ્રપ્રાસાદ. (પ્રાય: ૧૩મી સદી, ઈ૰ સ૰ ૧૨૬૪ આસપાસ).